# રાષ્ટ્રીય તહેવારો અને શાળા-કોલેજો

શિક્ષણનો એક હેતુ એ પણ છે કે બાળકોમાં રાષ્ટ્રીય ભાવના પેદા કરવી,. માટે જ અભ્યાસક્રમમાં આ બાબતને સમાવિષ્ટ કરવામાં આવે છે. અભ્યાસક્રમમાં પાઠયપુસ્તકો અને શાળાકીય તમામ પ્રવૃત્તિનો સમાવેશ કરી શકાય. આમ છતાં અત્યારનું શિક્ષણ, અભ્યાસક્રમ, પાઠયક્રમ, શાળાકીય પ્રવૃત્તિઓ વગેરે બાળકોમાં રાષ્ટ્રીય ભાવનાનો પૂરતો વિકાસ કરવા માટે સક્ષમ છે?

**ધાર્મિક આસ્થા વધતી જાય અને રાષ્ટ્રીય આસ્થા ઘટતી જાય તે કોઇ પણ પ્રગતીશીલ દેશ માટે સારી નિશાની નથી. માબાપ અને સમાજ ધાર્મિક સંસ્કારોનું સિંચન કરે છે. તેની સામે કોઇ વાંધો હોઇ જ ના શકે.પણ રાષ્ટ્રીય ભાવનાનું સિંચન કરવાની જવાબદારી કોની?** આ જવાબદારી માત્ર શાળાકોલેજો પર છોડી દેવામાં આવી હોય તેમ લાગે છે. આ સંસ્થાઓ પણ તેમાં ઊણી ઉતરતી હોય તેવું લાગે છે. એક રીતે જોવા જઇએ તો કોઇપણ વ્યક્તિમાં કોઇપણ સંસ્કાર-ભાવનાનું સિંચન કરવું હોય તો તેના માટે સર્વશ્રેષ્ઠ ઉંમરગાળો ૬ થી ૨૧ વર્ષ ગણી શકાય. માટે જ શાળા-કોલેજો પાસે સમાજ અને સરકાર કેટલીક અપેક્ષાઓ ખાસ રાખે છે. આ કારણે જ રાષ્ટ્રીય ભાવનાનું ઘડતર કરવાની જવાબદારી શાળા-કોલેજો પાસે રાખવામાં આવે તો તેમાં કશું જ ખોટું કે વધારે પડતું નથી જ. આ બાબત શાળા-કોલેજના સંચાલકો, આચાર્ય અને શિક્ષકો પણ સમજે છે. પણ તેનું પાલન કેટલું?

રાષ્ટ્ર કાજે જીવન સમર્પિત કરનારને યાદ કરી,ભાવિ પેઢી અને આમ જનતામાં રાષ્ટ્રીય ભાવના પેદા થાય તે માટે રાષ્ટ્રય તહેવારોની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે તમામ સરકારી અને અર્ધસરકારી સંસ્થાઓ આઝાદીમાં ફાળો આપનારને પૂરતું માન સન્માન આપે છે, પરંતુ શાળાકોલોજોની આ અંગેની જવાબદારી વિશેષ ગણી શકાય. આમછતાં ઘણી શાળા કોલેજોમાં રાષ્ટ્રીયદિનની ઉજવણી કરવામાં આવતી નથી. **રાષ્ટ્રીયદિન નહીં ઉજવતી શાળા-કોલેજોમાં ફ્રેન્ડશીપ ડે, વેલેન્ટાઇન ડે, રોઝ ડે, શાદી ડે વગેરે ભૂલ્યા સિવાય ઉંજવવામાં આવે છે. ત્યારે પ્રશ્ન થાય કે અન્ય દિવસો ઉજવવા માટેના વિચાર અને સમય રાષ્ટ્રીયદિન માટે કેમ નથી?** એવું તે કેવું પરિવર્તન કે જે રાષ્ટ્રીય ભાવનાને વિસારે પાડી રહ્યું છે?

અમે નાના હતાં ત્યારે આજથી વીસ-પચીસ વર્ષ પહેલાં શાળા-કોલેજોમાં રાષ્ટ્રીય તહેવારોની થતી ઉજવણી આજે પણ સંભારણું બની રહી છે. ગામડાંમાં શાળાઓમાં નાના નાના બાળકો જાતે રમચી ( ઈંટ ઘસીને બનાવેલ પાવડર) બનાવે અને શિક્ષકોના માર્ગદર્શન નીચે પાટા દોરે. અઠવાડિયાથી તૈયારી થાય. જે તે દિવસે ગામના સરપંચ, અન્ય મોભી, સરકારી કર્મચારીઓ અવશ્યપણે હાજરી આપે. રાષ્ટ્રભક્તિના ગીતો ગવાય. છેલ્લે ગોળધાણાં વહેંચાય! તે વખતે વાતાવરણ જ એવું સર્જાતું કે બાળકોમાં આપોઆપ રાષ્ટ્રીય ભાવનાના સંસ્કારોનું સિંચન થઇ જતું. આજેપણ ગામડાંઓની શાળામાં રાષ્ટ્રીયપર્વોની ઉંજવણી કરવામાં આવે જ છે. જેની સરખામણીમાં શહેરકક્ષાએ શાળા-કોલેજોમાં રાષ્ટ્રીયપર્વોની ઉજવણી ખૂબ જ ઓછા પ્રમાણમાં કરવામાં આવે છે. શહેરની મોટાભાગની શાળા-કોલેજો

માટે રાષ્ટ્રીયપર્વ એટલે માત્ર રજાનો દિવસ! માટે તો ગુજરાત રાજ્યના શારીરિક શિક્ષણ કમિશ્નરશ્રી અને ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રીએ પરિપત્ર કરીને તમામ કોલેજોને રાષ્ટ્રીયપર્વની ઉજવણી યથાયોગ્ય રીતે કરવાની સૂચના આપવી પડી. આ માટે શ્રી પરિમલભાઇ ત્રિવેદી સાહેબને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા, કે જેમણે યુનિવર્સિટી બિલ્ડિંગમાં બેસીને માત્ર વહીવટને જ પ્રાધાન્ય ન આપતા તમામ કોલેજોને રાષ્ટ્રના ઘડતરમાં ફરજિયાત પણે જોડી દીધી. બીજી રીતે આ પરિપત્ર તમામ કોલેજો અને અધ્યાપકો માટે લાંછનરૂપ છે. ભણેલા ગણેલા, આદર્શના પાઠ શીખવતા લોકોને રાષ્ટ્રીયપર્વની ઉજવણી કરો તેવું કહેવું પડે તે જ આઘાતજનક બાબત છે. શ્રી પરિમલભાઇને આ પરિપત્ર ક્યારે કરવો પડયો હશે? તેમને પણ આ પરિપત્ર કરવાનું અંદરથી નહીં જ ગમ્યું હોય, છતાં દેશદાઝ અને ભાવિપેઢીમાં રાષ્ટ્રીયભાવના ખીલવવાની જવાબદારીએ તેમને પરિપત્ર કરાવ્યો ! આ રીતે જોવા જઇએ તો ગામડાં કરતાં શહેર ભણ્યું વધારે પણ ગણ્યું ઓછું છે તેમ કહી શકાય. આજે પણ ગામડું બોલે છે કે, અમારી પાસે સાધન-સંપત્તિ ભલે ઓછાં હોય, પણ દેશદાઝ અને માનવતાનો દરિયો ભરેલો છે.

આ કોલમમાં જ છેલ્લા બે આર્ટીકલમાં શિક્ષણમાં નિયમ કરતાં નિષ્ઠા વધુ મહત્ત્વની છે તે વાત કરી હતી. જો શાળા-કોલેજોમાં શિક્ષકો, આચાર્ય અને સંચાલકો પાસે જ રાષ્ટ્ર પ્રત્યેની પૂરતી જવાબદારી સાથેની નિષ્ઠા નહીં હોય તો વિદ્યાર્થીઓમાં ક્યાંથી આવશે? પછી સ્વાભાવિક છે કે માત્ર વેલેન્ટાઇન ડે અને રોઝ ડે ઉજવાય જ ને ! કોઇ શાળા-કોલેજ પાસે મેદાન ના હોય, પણ માન્યતા તો હોવી જોઇએ ને! બીજી શાળા-કોલેજમાં જઇને પણ ભાગ લઇ શકાય. ગુજરાત યુનિવર્સિટીએ આ સગવડતા સામે પગલે ચાલીને ઊભી કરી આપી, જે બદલ કુલપતિ સાહેબ આપશ્રીને સો સો સલામ !

શાળા-કોલેજોમાં રાષ્ટ્રીય ભાવના ખીલવવા માટે બિલકુલ કામ થતું નથી, તેમ કહેવાનો સહેજ પણ આશય નથી. શાળા-કોલેજોમાં આ કામ થાય છે, પણ માત્ર જ્ઞાન રૂપે- સંસ્કાર રૂપે નહીં. માન્યતા દૃઢ કરવી હોય તો જ્ઞાન કરતાં સંસ્કાર વધારે કારગત નીવડે. શાળા-કોલેજોમાં સૈદ્ધાંતિક રીતે રાષ્ટ્રીય ભાવનાની વાતો થતી હશે, પણ પ્રાયોગિક રીતે કેટલું? હા...કેટલીક શાળા કોલેજોમાં એન.સી.સી. અને એન.એસ.એસ. જેવી પ્રવૃત્તિઓ થાય છે, પણ કેટલી શાળાકોલેજોમાં ? એક વાસ્તવિકતાનો સ્વીકાર કરવો જ રહયો કે, આજે શાળા-કોલેજો કરતાં થીયેટરો, શિક્ષકો કરતાં અભિનેતાઓ, પુસ્તક કરતાં ફિલ્મ, કાવ્ય કરતાં ફિલ્મી ગીત રાષ્ટ્રીય ભાવનાનું સિંચન વધારે કરે છે. આજે પણ પાઠ્યપુસ્તકના દેશભક્તિના જેટલાં કાવ્યો હૈયે અને હોઠે છે,તેનાં કરતાં અનેકગણાં દેશભક્તિના ફિલ્મી ગીતો હૈયે અને હોઠે છે. જે ફિલ્મ ઇન્ડસ્ટ્રી માટે ગૌરવની બાબત છે, પણ શિક્ષણ જગત માટે ? આ માટે આપણે સૌ શિક્ષણ સેવકોએ વિચારવું જ રહ્યું. માત્ર વિચારવું જ નહીં, પણ વિચાર્યા પછી વર્તવું પણ ખરું. અત્યાર સુધી નહોતા કરતા તો હવે પણ ચાલશે. તેમ વિચાર્યા કરતાં “જાગ્યા ત્યાંથી સવાર”.